જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૨/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૮૮/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૦૦૦ | ૮ | ૧૧૦૦૮ | ૧૭૧૪૦ | ૮ | ૧૭૧૪૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૭૦ | ૨ | ૪૬૭૨ | ૬૧૯૩ | ૨ | ૬૧૯૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૫૬ | ૨ | ૨૫૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૧૫૨૯ | ૩૧૫ | ૨૧૮૪૪ | ૨૨૭૨૧ | ૩૧૫ | ૨૩૦૩૬ |
| | કુલ | ૩૭૨૬૧ | ૩૨૫ | ૩૭૫૮૬ | ૪૬૩૧૦ | ૩૨૭ | ૪૬૬૩૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૭ | ૧૫,૭૨,૨૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૦૯૬ | ૪૦,૯૬,૦૦૦/- |

# લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઈમ બ્રાન્ચ**

## બે આરોપીને ઓટોરિક્ષા મોબાઈલ તથા રોકડ રકમ મળી કુલ કિંમત રૂ. ૧૧૫૫૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી લુંટના ૯ ગુન્હાનાઓ ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં રાત્રિના સમયે એકલ દોકલ રાહદારીઓને રોકી તેઓની પાસેથી રોકડ રકમ,મોબાઈલ ફોન, કિંમતી ચીજવસ્તુ વિગેરેની લુંટના ગુન્હાઓ બનવા પામેલ હોય આવા ગુન્હાઓનો ભેદ ઉકેલવા સારૂ ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સુચના આપવામાં આવેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.જે.વાઘેલા તથા પો.સ.ઈ.શ્રી વાય.જી.ગુર્જર નાઓ સ્કોડના માણસો સાથે આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

દરમ્યાન તા.૧૮/૧૨/૨૦૨૦ ના રોજ સ્ટાફના હે.કો. મેહુલકુમાર જયંતીલાલ તથા હેડ કોન્સ. ધીરજકુમાર લક્ષ્મણભાઈ નાઓને મળેલ બાતમી હકીકત આધારે નારોલ સર્કલ પાસેથી

**આરોપીઓ**

(૧) મોહસીન ઉર્ફે લાલુ સ/ઓ ઈકબાલભાઈ સત્તારભાઈ મેમણ ઉ.વ.૨૨ રહે.મ.નં.૨૭ સીટીઝન નગર, મેમણ કોલોની, ગોસીયા મસ્જિદ પાસે, બેરલ માર્કેટ અંદર, દાણીલીમડા, અમદાવાદ શહેર
(૨) શાહરુખ ઉર્ફે બાલા સ/ઓ અનીશભાઈ રઈશમહંમદ કુરેશી ઉ.વ.૨૭ રહે.એ/૧૧, શાહીનપાર્ક, વડાલીયા ફેકટરીની સામે, વટવા કેનાલ પાસે, વટવા, અમદાવાદ શહેર નાઓને પકડી તેઓ પાસેથી

(૧) સી.એન.જી. ઓટોરિક્ષા નં.જી.જે.0૧ ટી.ઈ. ૯૭૬૭ કિંમત રૂ. ૧,૧0,000/- (૨) રોકડા રુપિયા ૨૫00/-(3) ઓપ્પો એ-5 એસ મોબાઈલ કિં.રૂ.3000/- મળી કુલ કિં.રૂ.૧,૧૫,૫00/- ની મત્તાનો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧0૨ મુજબ કબજે લઇ આરોપીઓને તા.૧૮/૧૨/૨0૨0 ના કલાક ૧૫/૧૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. આ કામે આરોપીઓની પુછપરછ તપાસ દરમ્યાન નીચે મુજબના ગુનાઓની કબુલાત કરેલ છે અને આરોપીઓને કાલુપુર પો.સ્ટે. સોંપવા તજવીજ કરેલ છે.

## ગુન્હાઓની કબુલાત:-

(૧) દશેક દિવસ અગાઉ રાત્રિના સમયે કાલુપુર સર્કલ ખાતે એક સી.એન.જી. રિક્ષા નં.જી.જે.૧ ટી.ઈ.૯૭૬૭ ના ચાલકને આગળ ઉતારી દેવા જણાવેલ અને રિક્ષામાં બેસી કાલુપુર બ્રિજ ઉપરથી પસાર થતી વખતે રિક્ષા ચાલકને ગડદાપાટુનો માર મારી રિક્ષા લુંટી નાસી ગયેલા.

(૨) પચ્ચીસેક દિવસ અગાઉ રાત્રિના સમયે કાલુપુર સર્કલ શૌચાલય પાસે એક ભાઈ સાથે ઝઘડો કરી તેના ખિસ્સામાંથી ઓપ્પો મોબાઈલ ફોન, રોકડા રૂ. ૩૦૦૦/-, આધારકાર્ડ, પાનકાર્ડ કાઢી લીધેલ.

(૩) વીસેક દિવસ અગાઉ મોડી રાત્રિના કાલુપુર બ્રિજ પાસે એક માણસને રોકી તેની પાસેથી રોકડા રુપિયા ૮૦૦૦/- લુંટી લીધેલા.

(૪) પચ્ચીસેક દિવસ અગાઉ સાંજના સમયે કાલુપુર સર્કલ પાસેથી એક ઓટોરિક્ષા વાળાને રોકી રોકડા રુપિયા ૨૫૦૦/- તથા એક ઈન્ટેક્ષ મોબાઈલ ફોન લુંટી લીધેલ.

(૫) બાવીસ દિવસ અગાઉ રાત્રિના સુમારે કાલુપુર સર્કલ જાહેર શૌચાલય પાસે એક માણસને રોકી તેના ખિસ્સામાંથી રોકડા રૂ. ૭૦૦૦/- લુંટી લીધેલ.

(૬) બે માસ અગાઉ રાત્રિના સમયે કાલુપુર સર્કલ પાસે એક ઓટોરિક્ષા વાળાને રોકી તેની ઓટોરિક્ષા લઈ લીધેલ અને તેને ઉતારી રિક્ષાની લુંટ કરી નરોડા દેવી સિનેમા સામે રિક્ષા મુકી નાસી ગયેલ.

(૭) એકાદ માસ અગાઉ રાત્રિના સમયે આર.સી.ટેકનીકલ સરસપુર ગુરૂદ્વારા પાસે એક માણસને રોકી તેના ખિસ્સામાંથી રોકડા રુપિયા ૧૨૦૦૦/- ની લુંટ કરી નાસી ગયેલ.

(૮) દશેક દિવસ અગાઉ રાત્રિના સમયે મેમ્કો બ્રિજ નીચેથી એક રિક્ષાવાળાને રોકી રોકડા રૂ. ૭૦૦૦/-કાઢી લીધેલ.

(૯) બે માસ પહેલાં રાત્રિના શહેરકોટડા અશોક મીલની સામે ચામુડા સ્મશાન ગ્રુહની સામે અશોક મીલના નેળીયામાં એક માણસને રોકી રોકડા રૂ.૩૦૦૦/- તથા એક મોબાઈલ ફોન કાઢી લીધેલ.

## શોધાયેલ ગુન્હા

(૧) કાલુપુર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૧૦૨૬૦૦૫૦૫/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૯૪, ૧૧૪ (૨) કાલુપુર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૧૦૨૬૦૦૫૬૦/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૯૨, ૧૧૪

## આરોપીઓનો ગુન્હાહિત ઈતિહાસ

(૧) મોહસીન ઉર્ફે લાલુ સને ૨૦૧૬ માં દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીમાં તેમજ ૨૦૨૦ માં કારંજ પોલીસ સ્ટેશનમાં મારામારીના ગુનામાં પકડાઈ ચુકેલ છે અને પાસા હેઠળ સુરત લાજપોર જેલમાં સજા કાપી ચુકેલ છે.

(૨) શાહરૂખ ઉર્ફે બાલા ૨૦૧૬ માં શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં ૩૦૭, ૩૨૬, ૩૨૪ ના ગુનામાં તેમજ ૨૦૧૮ માં શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં લુંટના ગુનામાં પકડાયેલ અને ૨૦૧૯ માં કાલુપુર પોલીસ સ્ટેશનમાં ૩૨૬ ના મારામારીના ગુનામાં પકડાયેલ છે અને પાસા હેઠળ સુરત લાજપોર જેલમાં સજા કાપી ચુકેલ છે.



# પાસા અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન (૧)

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને સુરત પલારા જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

### પાસા અટકાયતી :-

નુરમહંમદ ઉર્ફે સંજય સન/ઓફ મહંમદ સિરાજ જાતે શાહ (મુસ્લીમ) ઉ.વ.૨૭ રહેવાસી અકબરનગરના છાપરા એચ ડીવીઝન એસ પી ઓફીસની પાછળ ગરીબનગર ચાર રસ્તાની બાજુમાં બાપુનગર અમદાવાદ શહેર તથા મુળ વનત ગામ દેવગામ તા. કુમારગંજ જીલ્લો ફૈઝાબાદ ઉત્તરપ્રદેશ

### પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

**ઓઢવ પો સ્ટે સી/૧૧૧૯૧૦૩૭૨૦૧૦૩૧/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ),૮૧, ૯૮(૨) મુજબ**

### પાસા હુકમ તથા બજવણી

**પાસા હુકમ નં- PCB/DTN/PASA/1348/2020 તા. 18/12/2020 તથા બજવણી તા.૧૮/૧૨/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગે :- સુરત પલારા જેલ**

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

**પો.સ.ઈ.શ્રી ડી.બી.પલાસ તથા અનાર્મ હે કો સંજયકુમાર કડવાજી બ. નં- ૫૨૦૭ તથા અ.પો.કો અંકીતકુમાર નટવરલાલ બ. નં. ૧૧૪૦ તથા અ પો કો અશોકભાઇ મોહનભાઇ બ. નં. ૬૨૮૫**

## ઓઢવ પોલીસ સ્ટેશન (૨)

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

### પાસા અટકાયતી :-

નંદાબેન વા/ઓફ ઘનશ્યામભાઇ દાનાભાઇ જાની ઉ વ ૬૦ રહેવાસી મ નં ૩૨૮ બ્લોક નં ૧૧ મધુમાલતી આવાસ ચાર માળીયા વિશાલા એસ્ટેટ પાસે ઓઢવ અમદાવાદ શહેર

### પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

ઓઢવ પો સ્ટે સી/૧૧૧૯૧૦૩૭૨૦૦૭૯૧/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ),૮૧, મુજબ

### પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં- PCB/DTN/PASA/1326/2020 તા. 16/12/2020 તથા બજવણી તા :- ૧૮/૧૨/૨૦૨૦ ના કલાક ૧૮/૦૦ વાગે :- રાજકોટ જેલ

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો.સ.ઈ.શ્રી ડી.બી.પલાસ તથા અનાર્મ હે.કો.અજીતભાઇ ભીખાભાઇ બ.નં.૯૨૯૪ તથા અ.એલ.આર વીવેકભાઇ નટવરલાલ બ.નં.૧૨૭૬ તથા અ.એલ.આર.સહદેવસિંહ દિપસંગભાઇ બ.નં.૧૨૦૬૪ વુ.પો.કો.અર્પિતાબેન દિનેશભાઇ બ.નં.૨૬૭૯

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૧)

# આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ


મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૨૧૮/૨૦૧૮ ઇપીકો કલમ ૩૨૪,૩૩૭,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જીપી એકટ ૧૩૫(૧) તથા (૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૪૧૫/૨૦૨૦ ઇપીકો કલમ ૩૨૩,૩૨૪,૨૯૪(ખ) તથા જીપી એકટ ૧૩૫(૧) મુજબના શરીર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૃધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૩૪૦/૨૦૨૦ તા.૧૮/૧૨/૨૦૨૦ ના હુકમ કરતા સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોએ આરોપીને કૃષ્ણનગર પો.સ્ટે. લાવી રજુ કરતા તા.૧૮/૧૨/૨૦૨૦ ના કલાકઃ૨૨/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૧૮/૧૨/૨૦૨૦

## આરોપીનું નામઃ-

વિશાલ દિલાસારામ દીવાકર રહે.કેવડાજીની ચાલી ઠકકરનગર હીરાવાડી ચાર રસ્તા સામે કૃષ્ણનગર અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦ તથા અ.લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં.૯૨૪



## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૨)

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી “જી” ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તથા સુચના મુજબ (૧)કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૧૩૨ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ (૨)કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૩૯૨ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૮૧,૧૧૬(બી) મુજબના પ્રોહીબીશન સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૩૪૭/૨૦૨૦ તા.૧૮/૧૨/૨૦૨૦ ના હુકમ કરતા સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોએ આરોપીને કૃષ્ણનગર પો.સ્ટે. લાવી રજુ કરતા તા.૧૮/૧૨/૨૦૨૦ ના કલાકઃ૨૨/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૧૮/૧૨/૨૦૨૦

## આરોપીનું નામ:-

શ્રી હીતેષ ઉર્ફે કાનો સ/ઓ અશોકકુમાર હરીરામ જાતે સેવાણી ઉ°વ.૩૦ રહે°ખોડીયારમાં ની ગલી ભવાની ચોક ઠકકરનગર અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પોલીસ ઇન્સ. શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા એલ.આર.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦ તથા સર્વેલન્સ સ્કોર્ડ



## ખાડીયા પોલીસ સ્ટેશન

## જુગારની અસામાજીક પ્રવૃતિ અન્વયે પાસા અટકાયતીને અટકાયત કરી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપતી ખાડીયા પોલીસ

મહે. પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેરનાઓના હુકમ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ આર.વી.અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-3 મકરંદ ચૌહાણ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'ઇ' ડિવી. ડૉ.સાગર સાંબડા સાહેબનાઓના માર્ગદર્શન અને સુચના હેઠળ સીનીયર પોલીસ ઇન્સપેક્ટરશ્રી પી.ડી.સોલંકી નાઓએ અ.હે.કો. ગેમરભાઇ આલાભાઇ તથા અ.પો.કો. રમેશકુઆર મંગુભાઇ તથા અ.લો.ર. રાજેશકુમાર ધરમશીભાઇનાઓની મદદ આધારે ખાડીયા પોલીસ સ્ટેશન જુગારના ગુનામાં સંડોવાયેલ ઇસમ **નૈનેશ મનસુખલાલ સોની** ઉં.વ.૪૪ રહે:- મકાન નંબર બી/૩૦૧ ઓમકાર ફ્લેટ રૂગનાથબંબની પોળ ગામડીવાળી બિલ્ડીગ પાસે સાંકડી શેરી ખાડીયા અમદાવાદ શહેરનાની વિરૂદ્ધ પાસા અટકાયત અંગેની દરખાસ્ત તૈયાર કરી મહે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ દરખાસ્ત રજુ કરતાં પાસા અટકાયત હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૩૩૫/૨૦૨૦ તા.-૧૭/૧૨/૨૦૨૦ મુજબથી હુકમ થતાં સદરી હુકમ આધારે સર્વેલન્સ સ્કોડના પોલીસ સ્ટાફને પાસા અટકાયતીને શોધી કાઢવા કરેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોડના માણસોએ સદરી અટકાયતીને પકડી લાવી રજુ કરતાં હે.કો. ગેમરભાઇ આલાભાઇ બ.નં.- ૮૦૨૨ નાઓએ સદરી પાસા અટકાયતીને તા.-૧૭/૧૨/૨૦૨૦ ના રોજ હુકમની બજવણી કરી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયત હેઠળ મોકલી આપવા તજવીજ કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.તા-૧૮/૧૨/૨૦૨૦.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૫ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૬૧૬ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૪૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૯૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૧૯૧/૨૦૨૦**

**નવરંગપુરાઃ** નુતન વા/ઓ કૃષ્ણકુમાર વીજ (ઉ.વ.૬૫) (રહે. લાજપતનગર સોસાયટી સરદાર પટેલ સ્ટેડીયમ સામે નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૨૦૨૦ બપોરના ૧૨/૫૪ વાગ્યાના સુમારે TATA CLIQ કસ્ટમર કેર નંબર ૮૯૨૭૦૬૧૧૪૫ ના ધારક રાહુલરાજ નામની વ્યક્તિએ અમેરીકન એક્સપ્રેસ ક્રેડીટ કાર્ડ પરથી નુતન વીજના મોબાઈલ ફોન પર ઓ.ટી.પી.નંબર મોકલી વિશ્વાસમાં લઈ ઓ.ટી.પી. નંબર મેળવી લઈ ફ્લીપકાર્ડ તથા એમેઝોનથી કુલ રૂપિયા ૯૯,૫૬૨/- ઓનલાઈન છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.દેસાઇ ચલાવે છે.

**કાલુપુરઃ** હિતેશભાઇ ઘનશ્યામભાઇ તહીલીયાની (રહે. સિંધી કોલોની સરદારનગર) એ તા.૧૮/૧૨/૨૦૨૦ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે સને-૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન રાજલક્ષ્મી માર્કેટ દુકાન નંબર-S-79 ગણેશ ગારમેન્ટ નામની દુકાન ખાતેથી આરોપી (૧) કરણસિહ મહિપતસિહ બારડ (૨) રાજેશભાઇ રમેશભાઇ પોપટ (૩) પ્રકાશભાઇ તન્ના (રહે. આત્રવેલી ફ્લેટ નાના ચિલોડા નરોડા) એ શર્ટનો માલ ખરીદી કરી તે પેટે બાકી નિકળતા નાણા ૫,૩૮,૦૪૦/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જયદીપસિહ મહેન્દ્રસિહ ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** લુબનાબહેન ફારુકભાઇ પીપાડવાલા (ઉ.વ.૩૮) (રહે.કેલાવાલી મસ્જીદ પાસે મ્યુનિસિપલ શાળા નં.૧૧/૧૨ સામે વૈશ્યસભા જમાલપુર) એ તા.૧૮/૧૨/૨૦૨૦ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ચેતનભાઇ ચંન્દ્રકાંત રાણપુરા (સોની) (રહે. પંચકુટીર એપાર્ટમેન્ટ ગીરીરાજ કોલોની પંચવટી બીજી લેન આંબાવાડી) લુબનાબહેન પાસેથી ધંધો કરવાના બહાને રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- લઈ જઈ બાકી નીકળતા રૂપિયા ૧૪,૯૦,૫૦૦/- આજ દીન સુધી પરત નહી આપી માંગવા જતા મારી નાખવાની ધમકી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી.વી.વી.દેસાઈ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૯૨/૨૦૨૦**

**એલીસબ્રીજઃ** મનિષભાઇ ભવરલાલ નાગર (રહે. વિક્રમ એપાર્ટમેન્ટ શ્રેયસ ક્રોસીંગ પાસે આંબાવાડી એલીસબ્રીજ) એ તા.૧૮/૧૨/૨૦૨૦ ના એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સમીપ એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોર દુકાન નંબર-૩ આનંદ સ્વીટ્સ એન્ડ ડેરી પાર્લર નામની પોતાની દુકાનમાં કામ કરતા શિવમ રામગોપાલ મિશ્રા (મુળ વતન ગામ-બરાયહેમા પોસ્ટ-કમરાવા થાના-ખરગુપુર જી-ગૌંડા ઉતરપ્રદેશ) તા.૧૮/૧૧/૨૦૨૦ રાતના ૮/૦૦ થી તા.૧૯/૧૧/૨૦૨૦ કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન દુકાનના ગલ્લામાંથી રોકડ રૂપિયા ૮૨,૦૦૦/- ચોરી કરી લઇ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૯૩/૨૦૨૦**

**નરોડાઃ** હરેશભાઈ પ્રેમજીભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૩) (રહે.અંજનાપાર્ક સોસાયટી લેઉવા પટેલ વાડીની બાજુમાં મામા કલ્યાણની પાસે નરોડા) તા.૦૬/૧૨/૨૦૨૦ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે નરોડા દેવી સિનેમા પાસે આવેલ અનિલ શો રૂમ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હરેશભાઈના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હરેશભાઈ પ્રજાપતિએ તા.૧૮/૧૨/૨૦૨૦ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૯૪/૨૦૨૦**

**અમરાઇવાડીઃ** માયાબહેન ઉર્ફે પાયલબહેન ડો/ઓ પ્રવિણભાઇ દંતાણી (ઉ.વ.૧૬) (રહે. મહાલક્ષ્મીનગર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૨/૨૦૨૦ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી